# મુંબઈની ગેરકાયદે શાળાઓમાં એડમિશન નહીં લેવાની પાલિકાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં મોટી સંખ્યામાં બિનમાન્યતા પ્રાપ્ત શાળાઓ ચાલી રહી છે, જેમાં વાલીઓ મોટી મોટી ફી આપીને પોતાનાં બાળકોનાં એડમિશન લેતાં હોય છે અને પછી પસ્તાવાનો વખત આવે છે. તેથી મુંબઈ મહાનગરપાલિકાએ પોતાની સત્તાવાર વેબસાઈટ પર મુંબઈની ગેરકાયદે શાળાઓની યાદી બહાર પાડી છે અને તેમાં બાળકોનાં એડમિશન નહીં લેવાની અપીલ કરી છે.

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ હાલ બાળકોના જુદી જુદી શાળાઓમાં એડમિશનની પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે અનેક શાળાઓ એવી છે જે સરકારની માન્યતા ધરાવતી નથી. આવી શાળાઓમાં એડમિશન લઈને મોટી ફી ભરીને પછી પસ્તાવાનો વખત આવે છે. તેથી પાલિકાના શિક્ષણ ખાતા દ્વારા આવી ગેરકાયદે શાળાઓની યાદી જાહેર કરવામાં આવી છે.

ગયા વર્ષે પણ પાલિકાએ પોતાની વેબસાઈટ પર આવી ગેરકાયદે ૨૮૩ શાળાઓનાં નામ જાહેર કર્યા હતાં. તેમાંથી હવે ચાર શાળાઓને રાજ્ય સરકાર દ્વારા સ્વયં અર્થસહાય તત્ત્વ પર મંજૂરી આપી છે. તો ચાર શાળાને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપનિંગ સ્કૂલની માન્યતા મળી ગઈ છે. એ સિવાય ગયા વર્ષની યાદીમાં રહેલી ૧૧ શાળાઓ બંધ થઈ ગઈ છે. તે મુજબ આગામી શૈક્ષણિક વર્ષની સુધારિત યાદીમાં ૧૯ સ્કૂલને બાદ કરી નાખવામાં આવી છે. તેમ જ આ વર્ષના શૈક્ષણિક વર્ષની યાદીમાં નવેસરથી મળી આવેલી પાંચ સ્કૂલના નામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તે મુજબ મુંબઈની કુલ ૨૬૯ ગેરકાયદે સ્કૂલની યાદી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે પાલિકાની વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. આ સ્કૂલમાં બાળકોનાં એડમિશન નહીં લેવાની પાલિકાએ વાલીઓને વિનંતી કરી છે. ■

# યુપીએસસી પરીક્ષામાં છોકરીએ બાજી મારીઃ પ્રિયવંદા મ્હાડદળકર રાજ્યમાં પ્રથમ

મુંબઈઃ યુપીએસસી પરીક્ષામાં મહારાષ્ટ્રના ૪૦થી વધારે ઉમેદવારોને સફળતા હાંસલ થઇ છે. મહારાષ્ટ્રની કન્યા પ્રિયવંદા મ્હાડદળકરે રાજ્યમાં પ્રથમ, જ્યારે દેશમાં ૧૩મું સ્થાન પામીને ગૌરવ મેળવ્યું છે. આ વર્ષે યુપીએસસી પરીક્ષાનાં પરિણામોમાં કન્યાઓનો દબદબો જોવા મળ્યો હતો. દેશનાં પહેલા ચાર સ્થાનમાં કન્યાઓ ઝળકી હતી, જ્યારે પ્રિયવંદાએ ૧૩મો રેંક મેળવ્યો હતો.

વીજેટીઆઈ કોલેજમાં પ્રિયવંદાએ એન્જિનિયરિંગનું શિક્ષણ પૂરું કર્યા બાદ બેંગલોરની આઈઆઈએમમાં મેનેજમેન્ટ વિભાગમાં એમબીએનું શિક્ષણ મેળવ્યું હતું. ખાનગી ક્ષેત્રમાં નોકરી કરવાની તેને સારી તક પણ મળી હતી. જોકે તેમ છતાં પ્રિયવંદાએ સનદી સેવામાં જવાનો નિર્ણય કર્યો અને તેને માટે છેલ્લાં બે વર્ષથી તેણે પરીક્ષાની તૈયારી શરૂ કરી દીધી.

એમબીએની ડિગ્રી મેળવ્યા બાદ વિદ્યાર્થી આદાનપ્રદાન યોજનામાંથી જર્મનીની યુનિવર્સિટિમાં પણ અમુક મહિના તેણે શિક્ષણ લીધું હતું. ઈન્વેસ્ટમેન્ટ જેવા ખાનગી ક્ષેત્રમાં ખૂબ માગ હોવા છતાં તેણે સરકારી સેવામાં આવવાનો નિર્ણય કર્યો હતો. પ્રિયવંદાએ પોતાના શિક્ષણ માટે લીધેલી શૈક્ષણિક લોનને પૂરી કરવા માટે થોડા સમય માટે ખાનગી કંપનીમાં નોકરી કરી હતી અને ત્યાર બાદ તેણે પરીક્ષાની તૈયારી કરી હતી. પરીક્ષાની તૈયારી કરવા માટે તેણે જુલાઈ, ૨૦૨૦માં નોકરી છોડી હતી અને એ જ વર્ષે પરીક્ષાનું ફોર્મ ભરીને જોરદાર તૈયારી શરૂ કરી દીધી હતી. પૂરતી તૈયારી કર્યા બાદ તેણે ગયા વર્ષે પરીક્ષા આપી નહોતી. ગયા વર્ષે ફરી એક વાર તેણે ફોર્મ ભર્યું હતું અને દેશના અવ્વલ નંબરે આવેલા ઉમેદવારોમાં તેણે સ્થાન મેળવ્યું હતું.

પ્રિયવંદાએ યુપીએસસી પરીક્ષાની તૈયારી માટે વૈકલ્પિક વિષયો માટે ઓનલાઈન ભણવાનો આધાર લીધો હતો. જોકે બાકીનું ભણતરે તેણે આપબળે કર્યું હતું, જેને કારણે તેને આજે સફળતા પ્રાપ્ત થઇ હતી. પ્રિયવંદાના પિતા સરકારી નોકરી કરી રહ્યા હોવાથી તેને પણ સનદી સેવામાં જોડાવાની ઉત્સુકતા હતી. માત્ર નોકરી કરીને આવક કરવા કરતાં સમાજ માટે કશું કરવાની તેની ઇચ્છા હતી. આથી જ ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી પણ તેણે યુપીએસસીની પરીક્ષા આપીને પોતાના સપનાને સાકાર કર્યું હતું. ■

# નાશિકમાં શરૂ થયું દેશનું સૌપ્રથમ ગ્રાહક જાગૃતિ કેન્દ્ર

## સેન્ટર ખોલવાનો હેતુ ખોટાં કામ કરીને ગ્રાહકો સાથે છેતરપિંડી કરનારાઓ પર લગામ તાણવાનો છે

નાશિકઃ વજનમાં ગરબડ કરીને ગ્રાહકોની સાથે છેતરપિંડી કરનારાઓ પર લગામ તાણવા માટે તોલમાપ વિભાગે રાજ્યમાં પહેલવહેલું ગ્રાહક જાગૃતિ કેન્દ્ર ખુલ્લું મૂક્યું છે. સોમવારથી આ કેન્દ્ર ખુલ્લું મૂકવામાં આવ્યું છે અને ગ્રાહકો સાથે કેવી રીતે છેતરપિંડી થતી હોય છે તે અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે.

નાશિકના તોલમાપ વિભાગ, નાશિક પાલિકા અને ટ્રાફિક પાર્કની કલ્પનાથી આ સેન્ટર ખુલ્લું મૂકવામાં આવ્યું છે. તત્કાલીન પોલીસ કમિશનર ડો. સિંગલની પહેલથી આ કેન્દ્ર આકાર પામ્યું છે.

આ કેન્દ્ર તમામ લોકો માટે તરતું મૂકવામાં આવ્યું છે અને ગ્રાહકોએ આ કેન્દ્રની મુલાકાત લઇને વજન અંગેની તમામ માહિતી જાણવી જરૂરી છે, જેથી કરીને તેઓની સાથે કોઇ છેતરામણી નહીં થાય, એવું અધિકારીએ જણાવ્યું હતું.

ખાસ વાત તો એ છે કે સામાન્ય લોકોને વજનકાંટા અંગે બનાવવામાં આવેલા નિયમની જાણકારી નથી હોતી. અનેક વાર છેતરપિંડી થયા પછી ફરિયાદ કોની પાસે કરવાની તેની પણ તેઓને માહિતી હોતી નથી. દુકાનમાં ગયા બાદ ગ્રાહકોએ શી કાળજી લેવી તેની માહિતી આપવામાં આવી છે. સિલિન્ડરના વજનમાં કેવી રીતે ગરબડ થતી હોય છે તેની માહિતી પણ આ કેન્દ્રમાં આપવામાં આવે છે. જુદા જુદા વિભાગોમાં વજનકાંટા અંગેની તમામ માહિતીઓ આ કેન્દ્રમાં પૂરી પાડવામાં આવે છે. ■

# જીવન અને આપણું વાતાવરણ બચાવવા તમાકુ છોડો

ડૉ. શ્રવણ એસ. શેટ્ટી

આપણા દેશમાં તમાકુ એ સૌથી વધુ ઉપયોગમાં લેવાતો અને દુરુપયોગ થતો પદાર્થ છે. ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે અનુસાર, ૧૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના લગભગ ૩૦% ભારતીયો ધૂમ્રપાન અથવા બિન-ધૂમ્રપાનના સ્વરૂપમાં તમાકુનું સેવન કરે છે. તમાકુ એ કૅન્સરનું મુખ્ય કારણ છે તેમ જ અન્ય બિન-કૅન્સર જેવી સ્થિતિઓ જેવી કે શ્વસન સંબંધી રોગો, હૃદયના રોગો ઈ. માટે પણ જવાબદાર છે. આપણા દેશમાં તમાકુ ધૂમ્રપાન અને ધૂમ્રપાન વિનાના સ્વરૂપોમાં પણ ઉપલબ્ધ છે અને બંનેનો બેફામ ઉપયોગ થાય છે. ગૂટકા, પાનમસાલા, મશેરીના રૂપમાં ધૂમ્રપાન રહિત તમાકુ એ મોંઢાના કૅન્સર અને કૅન્સર પૂર્વેની સ્થિતિનું મુખ્ય કારણ છે. મોંઢાનું કૅન્સર એ ભારતીય પુરુષોમાં સૌથી સામાન્ય કૅન્સર છે અને મૃત્યુનું મુખ્ય કારણ પણ છે.

યુવાનો અને પુખ્ત વયના લોકોમાં ધૂમ્રપાન એ સૌથી સામાન્ય ટેવ છે, તે ટૂંકા અને લાંબા ગાળાના સ્વાસ્થ્ય પરિણામો ધરાવે છે. મોંઢાનું અલ્સર, દાંતના પોલાણ, દાંતના વિકૃતિકરણ, શ્વાસની દુર્ગંધ, દાંત પડી જવા અને ભૂખ ન લાગવી વિગેરે કેટલીક ટૂંકા ગાળાની અસરો છે. ધૂમ્રપાન શરીરના લગભગ દરેક અંગને નૂકસાન પહોંચાડે છે, જેના કારણે સ્ટ્રોક, કોરોનરી હૃદયના રોગો, ફેફસાંના રોગો, ફેફસાંના કૅન્સર, ઓરલ કેવીટી (પોલાણ), કંઠસ્થાન (સ્વરપેટી), અન્નનળી વગેરે જેવાં ઘણાં રોગો થાય છે અને હાડકાંના સ્વાસ્થ્યને પણ અસર કરે છે તથા મોતિયા અને વય સંબંધિત મેકયુલર ડીજનરેશનનું જોખમ પણ વધારે છે. ધૂમ્રપાન એ વિશ્વભરમાં અટકાવી શકાય તેવા મૃત્યુનું કારણ છે. તે ઘણા દેશોની અર્થવ્યવસ્થા પર પણ અસર કરે છે. મોટાભાગના લોકો જાણે છે કે સિગારેટ ખૂબ જ વ્યસનકારક છે અને ઉપરોક્ત દર્શાવેલ સમસ્યાઓનું કારણ બને છે, પરંતુ તે જ્ઞાન હંમેશાં તેને રોકવાનું સરળ બનાવતું નથી. તમાકુ છોડવાના ઘણા ફાયદા છે. આદતને લાત મારવાના શારીરિક ફાયદાઓમાં સારી દૃષ્ટિ, તીક્ષ્ણ શ્રવણશક્તિ, સ્વચ્છ મોં, સ્વચ્છ ત્વચા, હૃદયના જોખમમાં ઘટાડો, ઓછું કોલેસ્ટ્રોલ, ફેફસાંને નુકસાન થતું અટકાવે છે, સારી રોગપ્રતિકારક શક્તિ, કૅન્સરનું જોખમ ઓછું કરે છે, યોગ્ય સાજાપણું, સ્નાયુઓ મજબૂત થવા અને હાડકાં મજબૂત થવા વિગેરેનો સમાવેશ છે. તે ઈરેકટાઈલ ડીસફંકશનની શક્યતાઓને પણ ઘટાડે છે તથા તંદુરસ્ત જાતીય જીવનની તમારી શકયતાને સુધારે છે. મહિલાઓની બાબતમાં તે એસ્ટ્રોજનના સ્તરને સામાન્ય બનાવે છે અને ભવિષ્યમાં તંદુરસ્ત ગર્ભાવસ્થાની શકયતાઓમાં વધારો કરે છે. તમાકુના ઉપયોગના જોખમો અને આપણે વિશ્વને તમાકુ મુક્ત કેવી રીતે બનાવી શકીએ તે અંગે જાગૃતિ લાવવા માટે ૩૧મી મેના રોજ વિશ્વ તમાકુ નિષેધ દિવસ (વર્લ્ડ નો ટોબેકો ડે)ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે વિશ્વ તમાકુ નિષેધ દિવસ ૨૦૨૨ની થીમ ''તમાકુ - આપણા પર્યાવરણ માટે જોખમ'' છે. વિશ્વ તમાકુ નિષેધ દિવસ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે આપણને બતાવે છે કે તમાકુ ઉદ્યોગ કેવી રીતે ગરીબીમાં ફાળો આપે છે અને પર્યાવરણને નુકસાન પહોંચાડે છે તેમ જ સેકન્ડ હેન્ડ સ્મોકના જોખમો વિશે આપણને ચેતવણી આપે છે. સેકન્ડ હેન્ડ સ્મોકથી દર વર્ષે ૬ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે. દુર્ભાગ્યે લગભગ ૨૮% પીડિત બાળકો છે. ધૂમ્રપાન કરનારાઓ માત્ર તેમના આરોગ્યને જ અસર કરતા નથી, પરંતુ તેઓની આસપાસના લોકો અને પ્રિયજનોના સ્વાસ્થ્યને પણ અસર કરે છે. ખોરાક, શિક્ષણ અથવા આરોગ્ય સંભાળ માટે ઉપયોગમાં લેવાતા પૈસા વ્યસનને કારણે તમાકુમાં જાય છે, જે મોટા ભાગે આપણા દેશમાં જોવા મળે છે.

તમાકુની ખરાબ અસરો અંગે જાગૃતિ વધારીને આપણે વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરી શકીએ છીએ. યુવાનો અને બાળકોને ધૂમ્રપાનના દુષ્પ્રભાવો વિશે જાગૃત કરવાની જરૂર છે, કારણ કે યુવાપેઢીમાં શીશ/હુક્કા સામાન્ય બાબત છે. જો આપ અથવા આપના મિત્ર, પરિવારના સભ્ય, સંબંધી અથવા સહકર્મી તમાકુનું સેવન કરે છે, આ આદત છોડવાનો અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવાનો આ શ્રેષ્ઠ સમય હોઈ શકે છે. તો આજે જ તમાકુ છોડી દો અને સ્વસ્થ જીવનશૈલી અપનાવો.

એપોઈન્ટમેન્ટ માટે કૃપા કરીને સંપર્ક કરોઃ 9029930293

ડૉ. શ્રવણ એસ. શેટ્ટી (કંસલટન્ટ સર્જીકલ ઓન્કોલોજીસ્ટ)

■ ACI કંબાલા હીલ હૉસ્પિટલ, મુંબઈ
■ બ્રીચકેન્ડી હૉસ્પિટલ, મુંબઈ
■ લિલાવતી હૉસ્પિટલ & રિસર્ચ સેન્ટર, મુંબઈ

વેબસાઈટઃ www.drshravanshettycancersurgeon.com

# સાકરના એક્સપોર્ટમાં મહારાષ્ટ્ર નંબર વન

## લાખો મેટ્રિક ટનની થઇ નિકાસઃ કારખાનેદારોને કરોડો રૂપિયા મળ્યા

મુંબઈઃ વર્તમાન સીઝનમાં મહારાષ્ટ્રએ સાકર ઉત્પાદનમાં પહેલો નંબર મેળવ્યો છે અને નિકાસમાં પણ મહારાષ્ટ્ર જ પ્રથમ ક્રમાંકે રહ્યું છે. દેશમાંથી અત્યાર સુધી કુલ ૮૫ લાખ મેટ્રિક ટન સાકરની નિકાસ કરવામાં આવી છે, જેમાંથી એકલા મહારાષ્ટ્રમાંથી જ ૪૫ લાખ મેટ્રિક ટન જેટલી સાકર નિકાસ થઇ છે. આને કારણે કારખાનેદારોને રૂ. ૧૩૯૫ કરોડ મળ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ૧૩૧૪.૫૪ લાખ ટન શેરડીને અત્યાર સુધીમાં ક્રશ કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. રાજ્યમાં ઓક્ટોબર મહિનાથી શેરડીનું ઉત્પાદન થયું હતું, જેમાંથી ૨૦૦ કારખાનાં દ્વારા તેનું ફિલ્ટર કરવામાં આવ્યું હતું. રાજ્યનાં કારખાનાંઓએ ૧૬૫ લાખ મેટ્રિક ટન સાકરનું ઉત્પાદન કર્યું હોઇ હજી પણ ૩૫ કારખાનાંનું ફિલ્ટરનું કામ ચાલી રહ્યું છે. દરમિયાન રાજ્યમાં સાકરના વિક્રમી ઉત્પાદનની પાર્શ્વભૂમિ પર સાકર કારખાનાંએ શરૂઆતથી જ સાકરની નિકાસ પર ભાર મૂક્યો હતો. તે અનુસાર અત્યાર સુધી મહારાષ્ટ્રમાંથી ૪૫ લાખ મેટ્રિક ટન સાકરની નિકાસ ઈન્ડોનેશિયા, અફઘાનિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, યુએઈ, મલયેશિયા અને દક્ષિણ આફ્રિકન દેશોને કરવામાં આવી છે. તેઓને પ્રતિ ક્વિન્ટલનો સરેરાશ રૂ. ૩૨૫૦નો ભાવ મળી રહ્યો છે. મહારાષ્ટ્ર બાદ ઉત્તર પ્રદેશમાંથી ૨૫ લાખ મેટ્રિક ટન, કર્ણાટકમાંથી ૧૨ લાખ અને બાકીનાં રાજ્યોમાંથી ૧૦ લાખ મેટ્રિક ટન સાકરનું ઉત્પાદન થયું છે. ■

# થાણેમાં બે કન્ટેઇનર ઊંધા વળતાં ત્રણને ઈજાઃ વાહનવ્યવહારને અસર

થાણેઃ થાણેમાં સોમવારે મળસકે માર્ગ પરના અલગ અલગ પોઇન્ટ પર બે કન્ટેઇનર ઊંધા વળતાં ત્રણ જણને ઇજા પહોંચી હતી. ઘોડબંદર રોડ પર થયેલા આ અકસ્માતને કારણે બે કલાક સુધી માર્ગ પર વાહનવ્યવહાર ખોરવાયો હતો.

૧૦ ટન કપડાંથી ભરેલું કન્ટેઇનર દિલ્હીથી ન્હાવા શેવા પોર્ટ ખાતે આવી રહ્યું હતું ત્યારે સોમવારે મળસકે માર્ગ પર ઊંધું વળી ગયું હતું, એમ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના રિજનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ (આરડીએમસી)ના ચીફ અવિનાશ સાવંતે કહ્યું હતું.

દરમિયાન ૨૫ ટન કેમિકલ ભરેલા ડ્રમ સાથેનું કન્ટેઇનર ન્હાવા શેવા પોર્ટથી સુરત તરફ જઇ રહ્યું હતું ત્યારે તે એ જ સમયે વિરુદ્ધ દિશામાં ઊંધું વળ્યું હતું. બંને કન્ટેઇનરના ડ્રાઇવર અને ક્લિનર આ અકસ્માતમાં ઇજા પામ્યા હતા અને તેમને તાત્કાલિક સારવાર માટે પાલિકાની હોસ્પિટલમાં મોકલાયા હતા. અકસ્માતની જાણ થતાં આરડીએમસીની ટીમ અને અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. બંને કન્ટેઇનરને માર્ગ પરથી હટાવવા માટે હાઇડ્રા ક્રેનની મદદ લેવામાં આવી હતી અને બે કલાક બાદ માર્ગ પર વાહનવ્યવહાર પૂર્વવત્ થઇ ગયો હતો. (પીટીઆઇ)■

# ખાનગી કંપનીએ એમએમઆરડીએને ૨૪ કરોડનો ચૂનો ચોપડ્યો

મુંબઈઃ એમએમઆરડીએ પ્રશાસન ધામધૂમથી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા, સાંતાક્રુઝમાં પ્રબોધનકાર ઠાકરે ફ્લાયઓવર, બાંદ્રા સુધીના સૌંદર્યીકરણ અને જાહેરખબરના કોન્ટ્રાક્ટ મેસર્સ લક્ષ્ય મીડિયા લિમિટેડને આપવામાં આવ્યો હતો. જોકે, એમએમઆરડીએ પ્રશાસન પાસે આ મુદ્દે આરટીઆઈ કાર્યકર્તા અનિલ ગલગલીને ચોંકવાનારી માહિતી આપી છે કે ૨૦ મહિના પછી પણ આ કંપની પાસેથી એક પણ પૈસાની લાઈસન્સ ફી વસૂલવામાં આવી નથી. હાલમાં એમએમઆરડીએએ ખાનગી કંપની મેસર્સ લક્ષ્ય મીડિયા લિમિટેડને ૨૪ કરોડ રૂપિયાની છેતરપિંડી કરાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.આરટીઆઈ કાર્યકર્તા અનિલ ગલગલીએ એમએમઆરડીએ પ્રશાસન પાસેથી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા, સાંતાક્રુઝમાં પ્રબોધન ઠાકરે ફ્લાયઓવર, બાંદ્રાના બ્યુટિફિકેશન અને જાહેરાતના કોન્ટ્રાક્ટ અને પેન્ડિંગ લાઈસન્સ ફી અંગે માહિતી (રાઈટ ટૂ ઈન્ફર્મેશન અંતર્ગત) માગી હતી. ■

# ૧૦૦ ટકા નાળાસફાઈ થઈ હોવાનો પાલિકાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દર વર્ષની માફક આ વર્ષે પણ મુંબઈ મહાનગરપાલિકાએ મુદત પહેલાં મુંબઈના તમામ નાનાં-મોટાં નાળાંઓની સફાઈ થઈ ગઈ હોવાનો દાવો કર્યો છે. પાલિકાના જણાવ્યા મુજબ સોમવારના ૩૦, મે સુધીમાં મુંબઈમાં સરેરાશ ૧૦૦.૯૯ ટકા નાળાસફાઈ થઈ ગઈ છે. જોકે ભાજપ અને કૉંગ્રેસે પાલિકાના ૧૦૦ ટકા નાળાસફાઈના દાવાને ખોટો ગણાવીને મુંબઈ પાણીમાં ડૂબીને જ રહેશે એવો દાવો કર્યો છે.

મુંબઈમાં પહેલા વરસાદમાં જ ગટર-નાળાં બરોબર સાફ કર્યા ન હોવાને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જતા હોય છે. ગયા વર્ષે પણ પાલિકાએ ચોમાસા પહેલાં ૧૦૬ ટકા નાળાસફાઈ કરી હોવાનો દાવો કર્યો હતો, છતાં પહેલા વરસાદમાં મુંબઈમાં પાણી ભરાઈ ગયા હતા. ત્યારે આ વખતે મુંબઈમાં નાળાસફાઈના કામ હંમેશાં કરતા મોડા એટલે કે માર્ચને બદલે ૧૧ એપ્રિલથી ચાલુ કરવામાં આવ્યા હતા. છતાં મુંબઈ મહાનગરપાલિકાએ ૩૧ મેની મુદત પૂરી થાય તે પહેલાં જ એટલે કે ૩૦ મે, ૨૦૨૨ના ૧૦૦ ટકા નાળાસફાઈ પૂરી કરી નાખી હોવાનો દાવો કર્યો છે. ૩૦ મે, ૨૦૨૨ સુધી મુંબઈમાં સરેરાશ ૧૦૦.૯૯ ટકા નાળાસફાઈ થઈ ગઈ છે. ૩૧ મે સુધીમાં મુંબઈની ગટરો અને નાળામાંથી ૯,૧૦,૯૫૭.૬૮ મેટ્રિક ટન કાદવ, કચરો (ગાળ) વગેરે કાઢવાનો લક્ષ્યાંક હતો, તેની સામે ૩૦ મેના જ ૯,૧૯,૯૬૮.૫૭ મેટ્રિક ટન ગાળ સાફ કરી લીધો છે.

તળ મુંબઈમાં ૩૦ મે સુધીમાં ૧૦૨.૮૬ ટકા નાળાસફાઈ થઈ છે. હજી થોડા દિવસ પહેલાં જ તળ મુંબઈમાં માંડ ૩૫ ટકા નાળાસફાઈ થઈ હોવાથી ભારે બબાલ થઈ છે. તેને પગલે પાલિકાએ તળ મુંબઈમાં નાળાસફાઈનું કામ કરનાર કૉન્ટ્રેક્ટરને નોટિસ ફટકારી હતી અને તાબોડતોબ તળ મુંબઈનાં નાળાં સાફ કરવા માટે વધુ એક કૉન્ટ્રેક્ટરની પણ નિમણૂક કરી નાખી હતી. પૂર્વ ઉપનગરમાં ૩૦ મે સુધીમાં ૧૦૩.૩૬ ટકા નાળાસફાઈ થઈ છે. અહીંથી ૧,૦૯,૭૭૮.૮૮ મેટ્રિક ટન ગાળ કાઢવાનો ટાર્ગેટ હતો, તેની સામે સોમવાર સુધીમાં ૧,૧૩,૬૮૭.૯૧ મેટ્રિક ટન ગાળ સાફ કરવામાં આવ્યો છે. પશ્ચિમ ઉપનગરમાં સોમવાર સુધીમાં ૯૬.૫૯ ટકા નાળાસફાઈ થઈ છે. થોડું કામ બાકી છે, તે મંગળવાર સુધીમાં પૂરું થઈ જશે એવો પાલિકાએ દાવો કર્યો છે. ■

## નાળાની નહીં તિજોરીની સફાઈઃ ભાજપ

મુંબઈ મહાનગરપાલિકા ૧૦૦ ટકા નાળાસફાઈનો દાવો કરી રહી છે, પરંતુ પાલિકાએ નાળા નહીં પણ મુંબઈગરાની પરસેવાની કમાણી ગણાતી પાલિકાની તિજોરીને સાફ કરી નાખી છે. ગટર-નાળાંઓ એમ જ ભરાયેલા છે. નાળાઓની સફાઈના ઠેકાણા નથી. એટલે આ વખતે પણ મુંબઈને ચોમાસામાં પાણીમાં ડૂબતા કોઈ બચાવી શકશે નહીં એવો દાવો ભાજપના ભૂતપૂર્વ નગરસેવક ભાલચંદ્ર શિરસાટે કર્યો હતો.

## મુંબઈને ડૂબતું કોઈ રોકી નહીં શકેઃ કોંગ્રેસ

પાલિકાના કોંગ્રેસના ભૂતપૂર્વ વિરોધ પક્ષ નેતા રવિ રાજાએ જણાવ્યું હતું કે મુંબઈ મહાનગરપાલિકાના તમામ દાવા પોકળ છે. ૧૦૦ ટકા નાળાસફાઈના દાવા પહેલા વરસાદમાં જ ધોવાઈ જવાના છે. અમારા મોટાના ભાગના ભૂતપૂર્વ નગરસેવકોની સતત ફરિયાદ આવી રહી છે કે તેમના વિસ્તારમાં નાળાસફાઈનું કામ બરોબર થયું નથી. પહેલા વરસાદમાં મુંબઈ પાણીમાં ડૂબીને જ રહેવાનું છે. તે વખતે પાલિકા વરસાદની ઈન્ટેન્સિટી વધારે હતી કહીને પોતાના હાથ ઉપર કરી દેશે.


# GANESH BENZOPLAST LIMITED

**Regd. Office :** Dina Building, 1st Floor, 53, Maharshi Karve Road, Marine Lines (East), Mumbai 400 002.
**CIN :** L24200MH1986PLC039836 **Telefax:** 022-22001928 **e-mail :** investors@gblinfra.com **web-site :** www.gblinfra.com

**EXTRACT OF STATEMENT OF AUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED MARCH 31, 2022**

| 2906.82 | 320.35 | 5.74 | 61.88 |
|---|---|---|---|
| 12% YOY | 36% YOY | 36% YOY | 49% YOY |
| 2595.64 | 235.87 | 4.23 | 31.45 |
| Standalone Revenue From Operations | Standalone PAT | Standalone EPS | Standalone Finance Cost |

₹ in Millions (Except EPS)

| Sr No | Particulars | STANDALONE | | | | | CONSOLIDATED | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | | Year Ended | | Quarter Ended | | | Year Ended | |
| | | 31.03.2022 | 31.12.2021 | 31.03.2021 | 31.03.2022 | 31.03.2021 | 31.03.2022 | 31.12.2021 | 31.03.2021 | 31.03.2022 | 31.03.2021 |
| | | AUDITED | UNAUDITED | AUDITED | AUDITED | AUDITED | AUDITED | UNAUDITED | AUDITED | AUDITED | AUDITED |
| 1 | Total Income From Operations | **506.42** | 898.67 | 898.42 | **2,906.82** | 2,595.64 | **954.98** | 1,019.35 | 974.58 | **3,575.10** | 2,704.09 |
| 2 | Net Profit for the period (before tax and Exceptional items) | **115.19** | 109.00 | 111.42 | **448.33** | 565.10 | **123.71** | 136.28 | 130.48 | **459.71** | 592.34 |
| 3 | Net Profit for the period (before tax and after Exceptional items) | **112.32** | 109.00 | 100.61 | **440.23** | 506.60 | **120.85** | 136.28 | 119.68 | **451.61** | 533.84 |
| 4 | Net Profit for the period (after tax and after Exceptional items) | **80.03** | 78.81 | (105.89) | **320.35** | 235.87 | **85.12** | 105.22 | (131.08) | **326.89** | 218.85 |
| 5 | Total Comprehensive Income for the period | **80.04** | 78.85 | (101.80) | **320.48** | 238.90 | **85.13** | 105.26 | (126.99) | **327.01** | 221.88 |
| 6 | Equity Share Capital (Face value of Re. 1/- each) | **62.36** | 62.36 | 62.36 | **62.36** | 62.36 | **62.36** | 62.36 | 62.36 | **62.36** | 62.36 |
| 7 | Reserve excluding Revaluation reserves as shown in the audited balance sheet | | | | **2,759.80** | 2,284.81 | | | | **2,742.82** | 2,261.64 |
| 8 | Earning Per Share (of Re. 1/- each) (not annualised) (after Exceptional items) | | | | | | | | | | |
| | a) Basic | **1.28** | 1.26 | (1.70) | **5.74** | 4.23 | **1.36** | 1.69 | (2.10) | **5.24** | 3.92 |
| | b) Diluted | **1.28** | 1.26 | (1.70) | **5.74** | 4.23 | **1.36** | 1.69 | (2.10) | **5.24** | 3.92 |

**Note:**

1 The above is an extract of the detailed format of Financial Results for the Quarter and year ended on March 31, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Audited Financial Results are available on the Company's website , www.gblinfra.com and and Stock Exchanges website. www.bseindia.com and www.nseindia.com .

2 The above financial results have been reviewd and recommended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at their meeting held on 28th May,2022.

**By Order of the Board of Directors**
**For Ganesh Benzoplast Limited**
**Sd/-**
**(Rishi Pilani)**
**Chairman & Managing Director**
**(DIN 00901627)**

**Place : Mumbai**
**Date : May 28, 2022**